સુરત સહિત રાજ્યભરમાં દરોડા : અમદાવાદથી રિક્ષાવાળો ઝડપાયો

# બંધ ખાનગી કંપનીઓ ખરીદી 600 કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ!

**ગરીબોના** પાનકાર્ડનો ઉપયોગ કરી 100 કરોડથી વધુની ITC ચોરીની આશંકા

સુરતઃ ગુજરાતમાં સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (SGST) વિભાગ દ્વારા આચરવામાં આવેલી એક મોટી દરોડાની કાર્યવાહીમાં આર્થિક ગુનાખોરીનો એક ચોંકાવનારો કીમિયો સામે આવ્યો છે. વર્ષોથી બંધ પડેલી અથવા જેમાં કોઈ વ્યવહાર ન થતાં હોય તેવી પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓને નિશાન બનાવીને કૌભાંડીઓએ કરોડો રૂપિયાનું બોગસ બિલિંગ સ્કેમ આચર્યું છે. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડ અંદાજે 500થી 600 કરોડનું હોવાનું અને તેમાં 100 કરોડથી વધુની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC)ની ચોરી થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

### ગરીબોના દસ્તાવેજોનો દુરુપયોગ અને રિક્ષાવાળાની ધરપકડ

આ આખા કૌભાંડની મોડસ ઓપરેન્ડી ભારે આશ્ચર્ય પમાડે તેવી છે. કૌભાંડીઓ પહેલાં બજારમાંથી એવી પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓ શોધી કાઢે છે, જે લાંબા સમયથી નિષ્ક્રિય હોય. ત્યારબાદ, ગરીબ અને શ્રમિક વર્ગના લોકોના પાનકાર્ડ અને અન્ય ઓળખપત્રો મેળવીને આ કંપનીઓ કાગળ પર તે ગરીબોના નામે ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. આવી જ એક ચોંકાવનારી કડીમાં એસજીએસટીના અધિકારીઓએ અમદાવાદમાંથી એક રિક્ષાવાળાની ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આ રિક્ષાવાળાએ પોતાના જ સાળા પાસેથી એક પ્રાઇવેટ લિમિટેડ કંપની ખરીદી હતી! ગરીબોને ખબર પણ નથી હોતી કે તેમના નામે કરોડો રૂપિયાના ટર્નઓવર વાળી કંપનીઓ ચાલી રહી છે.

### માત્ર એક મહિનામાં કરોડોનું ફ્રોડ અને પોબારું!

કંપની ગરીબોના નામે ટ્રાન્સફર થયા બાદ કૌભાંડીઓ એક્ટિવ થાય છે. માત્ર એકાદ મહિનાના ટૂંકા ગાળામાં આ કંપનીઓ દ્વારા કરોડો રૂપિયાના બોગસ બિલ બનાવી દેવામાં આવે છે. આ ફેક બિલિંગના આધારે કરોડોની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) પાસ ઓન કરીને સરકારની તિજોરીને કરોડોનો ચૂનો લગાવવામાં આવે છે. ટેક્સ ડિપાર્ટમેન્ટને ગંધ આવે તે પહેલાં જ કૌભાંડીઓ કંપની બંધ કરીને રફુચક્કર થઈ જાય છે.

### સીએ, સીએસ અને દેશવ્યાપી કનેક્શનની તપાસ

SGSTના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓના ખરીદ-વેચાણની આ પ્રક્રિયા કાયદાકીય ગૂંચવણો ભરેલી હોય છે. આથી, આ સમગ્ર કૌભાંડમાં કોઈ મોટા બિઝનેસ હાઉસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) કે કંપની સેક્રેટરી (CS) ની સંડોવણી છે કે કેમ તે દિશામાં ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. આ સ્કેમના તાર માત્ર ગુજરાત પૂરતા સીમિત નથી, પરંતુ દેશવ્યાપી હોવાની પ્રબળ આશંકા છે. દિલ્હી, કોલકાતા અને તમિલનાડુ જેવા રાજ્યોની શંકાસ્પદ કંપનીઓએ પણ ગુજરાતમાંથી આવી શેલ કંપનીઓ ખરીદીને બોગસ બિલિંગનો ખેલ ખેલ્યો હોવાના પુરાવા મળી રહ્યા છે. આગામી દિવસોમાં આ મામલે હજુ પણ ઘણા મોટા માથાઓની ધરપકડ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

## ભાઈની હત્યા કરવા નીકળેલો યુવક ચપ્પુ સાથે ઝડપાયો

**લિંબાયતમાં** ધંધાકીય અદાવતમાં ભાઈ જ ભાઈનો કાળ બનવા નીકળ્યો હતો

**સંજયનગર** સર્કલ પાસે વાહન ચેકિંગ દરમિયાન ચપ્પુ મળતા ખુલાસો થયો

સુરતઃ લિંબાયતમાં ધંધાકીય ઝઘડામાં સગા ભાઈની હત્યા કરવા માટે ચપ્પુ સાથે નીકળેલા યુવાનને પોલીસે સંજયનગર સર્કલ પાસેથી ઝડપી લીધો હતો.

લિંબાયત પોલીસ સ્ટેશનનો સ્ટાફ જ્યારે સંજયનગર સર્કલ પાસે વાહન ચેકિંગમાં હતો, ત્યારે એક મોપેડ સવાર શંકાસ્પદ જણાતા તેને રોકવાનો પ્રયાસ કરાયો હતો.

પોલીસ કાફલાને જોઈને આ ઈસમે ભાગવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેને કોર્ડન કરીને પકડી લેવાયો હતો.પકડાયેલા આરોપીનું નામ ચેતન સંજય પાટીલ (રહે. વિનોબાનગર, મદીના મસ્જિદ પાસે, લિંબાયત) છે. તેની પાસેથી પોલીસને એક મોટું અને ચપ્પુ મળી આવ્યું હતું, જેને પોલીસે કબજે લીધું છે. પકડાયેલા આરોપીની જ્યારે કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે ખુલાસો કર્યો હતો કે તેના સગા ભાઈ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી માર્કેટમાં કામકાજ બાબતે ભારે વિવાદ અને ઝઘડો ચાલતો હતો.

આ ઝઘડાની અદાવત મનમાં રાખીને ચેતન પાટીલ ચપ્પુ ખરીદીને પોતાના ભાઈ પર જીવલેણ હુમલો કરવા અને તેને પતાવી દેવાના ઈરાદે નીકળ્યો હતો. લિંબાયત પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અડાજણ આવાસમાં યુવકને ઉપરાછાપરી ચપ્પુના ઘા ઝીંકી દીધા

**ગાળ** આપવાની બાબતે ઝઘડો કરી હુમલો કરી દેતાં હત્યાની કોશિશનો ગુનો નોંધાયો

સુરતઃ અડાજણ વિસ્તારમાં આવેલા એસએમસી આવાસમાં નજીવી બોલાચાલી લોહીયાળ અંજામ સુધી પહોંચી ગઈ હોવાનો સનસનાટીપૂર્ણ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

માત્ર બૂમ પાડીને બોલાવવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ ગયેલા એક માથાભારે શખ્સે કાયદો હાથમાં લઈને એક નિર્દોષ યુવક પર ચપ્પુ વડે રાક્ષસી હુમલો કરી દીધો હતો. યુવકના શરીર પર ઉપરાછાપરી ચપ્પુના ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કરાતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો છે.આ મામલે અડાજણ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુર જકાતનાકા પાસે આવેલી સંધ્યાવંદન સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય ગોપાલભાઈ દીપભાદુર તીખાતરીનો પુત્ર સમીર ગઈકાલે અડાજણ સિટીઝન સ્કૂલ પાસે આવેલા એસએમસી આવાસમાં પોતાના મિત્ર માનવને મળવા માટે ગયો હતો.

તે થોડો દૂર ઊભો હોવાથી સમીરે તેને મોટેથી બૂમ પાડી હતી. તે સમયે ત્યાં નજીકમાં જ આરોપી ગણેશ ઉર્ફે મહેશ દિનેશભાઈ પટેલ ઊભો હતો. તેણે સમીરને કહ્યું હતું કે, 'તું મને ગાળો આપીને કેમ બોલાવે છે' જેથી સમીરે તેને ગાળ નહીં આપી હોવાની ચોખવટ કરી હોવા છતાં ગણેશે તેને માર માર્યો હતો. જેથી માનવે વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો. ત્યારબાદ ગણેશ ઘરે ગયો હતો અને ચપ્પુ લઈ આવી

સમીરની પીઠની ડાબી બાજુ, કમરની જમણી બાજુ તેમજ જમણા પગના સાથળના ભાગે ચપ્પુના સંખ્યાબંધ ઘા ઝીંકી દીધા હતા. સમીરને લોહીલુહાણ કરી તે ત્યાંથી ભાગી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા સમીરને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ભોગ બનનારના પિતાની ફરિયાદના આધારે અડાજણ પોલીસે આરોપી ગણેશ પટેલ વિરૂદ્ધ હત્યાનો પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભગવાન જગન્નાથાજીની રથયાત્રાની તૈયારીઓ શરૂ



(તસવીર : સતીષ જાદવ)

આગામી અષાઢ સુદ બીજ એટલે કે જગન્નાથજીની નગરચર્યાને હજુ ઘણાં દિવસોની વાર છે પરંતુ તેમની રથયાત્રાની તૈયારીઓ ક્યારનીય શરૂ થઈ ગઈ છે. અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજી તેમના મોટાભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે પોતાની પ્રજાની મુલાકાતે નીકળે છે. પુરીમાં નીકળતી રથયાત્રા વિશ્વભરમાં જાણીતી છે ત્યારે ગુજરાતમાં અમદાવાદ બાદ સુરતમાં જગન્નાથજીની વિશાળ રથયાત્રામાં લાખોની સંખ્યામા ભક્તો ઉમટી પડતા હોય છે. હાલ ભગવાનના રથને તૈયાર કરવામાં આવી રહ્યો છે, ત્યાં સાથે સાથે શણગારને લગતી સામગ્રી તૈયાર કરવામાં ભક્તો લાગી ગયા છે. તસવીરોમાં યુવતીઓ માટલા પર પેઈન્ટિંગ કરી તૈયારીઓમાં લાગી ગઈ છે.

## અડાજણની સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ

**બ્લેકમેઈલ** કરી દુષ્કર્મ આચરનાર લૂમ્સ કારખાનાનો પુણાનો કારીગર જેલભેગો

સુરતઃ અડાજણ વિસ્તારમાં રહેતા પ્રજાપતિ પરિવારની માત્ર ૧૪ વર્ષ અને ૧૦ માસની સગીર દીકરીને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર ગુજારનાર લૂમ્સના કારખાનાના કારીગરને પોલીસે ગણતરીના કલાકોમાં જ દબોચી લીધો છે.

અડાજણ વિસ્તારમાં રહેતા પ્રજાપતિ પરિવારની સગીર વયની દીકરી આશરે ત્રણ મહિના પહેલાં સોશિયલ મીડિયાના માધ્યમથી પુણા વિસ્તારમાં રહેતા કુશાલ લક્ષ્મણસિંહ રાજપુતના સંપર્કમાં આવી હતી. કુશાલ પુણા પાટિયા પાસે આવેલા ભૈયા નગરના ઘર નં. ૧૦માં રહે છે અને લૂમ્સના કારખાનામાં મજૂરી કામ કરે છે. કુશાલે સગીરાને લલચાવી-ફોસલાવી પોતાના પ્રેમજાળમાં ફસાવી દીધી હતી. આરોપી કુશાલ રાજપુતે છેલ્લા બે મહિનાથી સગીરાને અવારનવાર પોતાના રૂમે બોલાવી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે પણ સગીરા તેના રૂમે આવવાની ના પાડતી, ત્યારે નરાધમ કુશાલે સગીરાને ધમકી આપી હતી કે, જો તું નહીં આવે તો આગળની બધી વાત હું તારા ઘરે આવીને બધાને કહી દઈશ. ડરના માર્યા સગીરા ચૂપચાપ આ અત્યાચાર સહન કરતી રહી હતી અને આરોપી કુશાલ અવારનવાર તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધતો રહ્યો હતો. જે અંગેની જાણ થતા સગીરાના માતાએ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે પોક્સો (POCSO) સહિતની કડક કલમો હેઠળ ગુનો પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પ્રેમી કુશાલ લક્ષ્મણસિંહ રાજપુતને દબોચી લીધો છે.

## નશાની હાલતમાં યુવકે ત્રીજા માળેથી પડતું મૂક્યું

સુરતઃ મૂળ પશ્ચિમબંગાળના વતની નકુલ દુલાલ વિશ્વાસ (ઉં.વ.35) હાલમાં અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલી શ્રીરામનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો અને સોના-ચાંદીના દાગીના બનાવવાના કારખાનામાં કામ કરતો હતો. રવિવારે બપોરે નકુલે ઘરના ત્રીજા માળે બારીમાંથી નશાની હાલતમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો.

## પુણામાં બીજા માળેથી પટકાતાં 101 વર્ષીય વૃદ્ધાનું મોત

**અચાનક** ચક્કર આવતા પટકાયાં હતાં

સુરતઃ સુરતના પુણાગામ વિસ્તારમાં 101 વર્ષીય વૃદ્ધાનું ઘરના બીજા માળે ઉભાં હતાં તે વખતે અચાનક ચક્કર આવતાં તેઓ સંતુલન ગુમાવી નીચે પટકાતા મોત નિપજ્યું હતું.

મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વતની અને હાલ પુણાગામની હરિધામ સોસાયટીમાં પરિવાર સાથે રહેતા મણીબેન કાળુભાઈ વાણિયા વહેલી સવારે ઘરના બીજા માળે પાળી પાસે ઊભા હતા. તેમણે નીચે રહેલા પરિવારજનોને ચા મોકલાવવાનું કહ્યું હતું. તે દરમિયાન અચાનક તેમને ચક્કર આવતા તેઓ સીધા નીચે પટકાયા હતા. પરિવારજનો તાત્કાલિક તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

## પ્રિ-મોન્સૂન ચેકિંગ: 396 ટેમ્પરરી સ્ટ્રક્ચરમાંથી 337ને નોટિસ

**જોખમકારક** ખામીવાળાં 200 એકમોનાં વીજ જોડાણ કાપવાની ફાયર વિભાગની કાર્યવાહી, ઈસ્ટ ઝોન-એમાં સૌથી વધુ 115 નોટિસ

સુરતઃ ચોમાસા દરમિયાન આગ, વીજ શોર્ટ સર્કિટ અને અન્ય દુર્ઘટનાઓ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગે એક સપ્તાહમાં 396 જેટલા ટેમ્પરરી સ્ટ્રક્ચરોની તપાસ કરી હતી. જેમાંથી 337 સ્ટ્રક્ચરમાં નિયમભંગ, પરવાનગીનો અભાવ તથા ફાયર સેફ્ટીની ખામીઓ સામે આવતાં નોટિસ ફટકારવામાં આવી છે.

ફાયર વિભાગની ટીમોએ સ્થળ પર જઈને સંચાલકો પાસે જરૂરી પરવાનગીઓ છે કે નહીં, ફાયર સેફ્ટીના સાધનો ઉપલબ્ધ છે કે નહીં, ઈમરજન્સી એક્ઝિટ સહિતના સુરક્ષા માપદંડોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરી હતી. તપાસ દરમિયાન અનેક સંચાલકો દ્વારા જરૂરી મંજૂરી વિના ધંધાકીય પ્રવૃત્તિઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું હતું, જ્યારે કેટલાક એકમોના લાઈસન્સનું રિન્યુઅલ પણ કરવામાં આવ્યું ન હોવાનું જાણવા મળ્યું હતું. તપાસ દરમિયાન ગંભીર અને જોખમકારક ખામીઓ ધરાવતા આશરે 200 જેટલા ટેમ્પરરી સ્ટ્રક્ચરોને વીજળી જોડાણ કાપવા માટે સંબંધિત વિભાગને કાર્યવાહી કરવાની ભલામણ સાથે નોટિસ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે શહેરના અનેક વિસ્તારોમાં ખુલ્લા પ્લોટો પર ટેમ્પરરી સ્ટ્રક્ચરો ઊભા કરીને ગોડાઉન, ક્રિકેટ બોક્સ, કોમર્શિયલ એકમો અને અન્ય ધંધાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ઝોનવાર નોટિસની વાત કરીએ તો ઈસ્ટ ઝોન-એમાં સૌથી વધુ 115 સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારબાદ ઈસ્ટ ઝોન-બીમાં 83, સાઉથ ઝોન-બીમાં 47, સાઉથ વેસ્ટ ઝોનમાં 46, સાઉથ ઈસ્ટ ઝોનમાં 32, નોર્થ ઝોનમાં 15, વેસ્ટ ઝોનમાં 14 અને સાઉથ ઝોન-એમાં 13 નોટિસ ફટકારવામાં આવી છે.

# યોગી ચોક પાસે સ્પા-હેર સલૂનની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

**પેલેડિયમ** મોલમાં પોલીસના દરોડા, ૭ યુવતીને મુક્ત કરાવાઈ

**સંચાલિકા,** માલિક અને ગ્રાહક પકડાયા

સુરતઃ સરથાણા પોલીસ સ્ટેશનના પીઆઈ અને તેમની ટીમે બાતમીના આધારે યોગી ચોક પાસે આવેલા પેલેડિયમ મોલમાં ધમધમતા હેર સલૂન અને સ્પા પર સપાટો બોલાવ્યો છે.

દુકાનની આડમાં વિદેશી અને ભારતીય મહિલાઓ પાસે પરાણે દેહવ્યાપાર કરાવવાના હીન રેકેટનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી મુખ્ય સૂત્રધાર માલિક, મહિલા સંચાલિકા અને એક ગ્રાહકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, ૭ ભારતીય મહિલાને સુરક્ષિત મુક્ત કરાવી છે.

સરથાણા પોલીસને બાતમી મળી હતી કે, યોગી ચોક સ્થિત પેલેડિયમ મોલમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાન નં-G-૮૪, 'ક્લાસિક હેર | કેર' નામની દુકાન તેમજ દુકાન નં. ૨૦૯૨ 'વેલકમ સ્પા'ની આડમાં અનૈતિક વેપાર ચાલી રહ્યો છે. દુકાનનો માલિક બહારથી મહિલાઓને લાવી અહીં દેહવ્યાપારનો ધંધો ચલાવે છે. પોલીસે જ્યારે બાતમીવાળા સ્થળે ઓચિંતો દરોડો પાડ્યો ત્યારે સમગ્ર મામલો સામે આવ્યો હતો.

મોલમાં આવેલી આ દુકાનોમાં પ્લાયવુડના ગુપ્ત પાર્ટેશન પાડીને નાની-નાની રૂમો બનાવવામાં આવી હતી. ગ્રાહકો પાસેથી તગડી રકમ વસૂલીને આ કેબિનોમાં અનૈતિક પ્રવૃત્તિઓ આચરવામાં આવતી હતી. પોલીસે આ રેકેટના મુખ્ય સૂત્રધાર અને દુકાન માલિક વિનોદભાઈ માતાબદલ શર્મા (ઉં.વ. ૩૪, રહે., કોસાડ આવાસ, અમરોલી, મૂળ ઉત્તરપ્રદેશ) તથા ત્યાં મેનેજર અને સંચાલિકા તરીકે કામ કરતી શબાના અસરફ મંડલ (ઉં.વ.૩૫, રહે., આલમકમ સોસાયટી, ચૌટાબજાર, લાલગેટ, મૂળ પશ્ચિમ બંગાળ) ની અટકાયત કરી છે. આ બંને આરોપીઓ ગ્રાહકો પાસેથી રૂપિયા મેળવી મહિલાઓ પૂરી પાડતા હતા અને પોતાનું મોટું કમિશન રાખતા હતા. પોલીસે રેકેટનો ભોગ બનેલી ૭ મહિલાને મુક્ત કરાવી છે. આ ઉપરાંત ગ્રાહક સુનીલકુમાર દુર્ગાપ્રસાદ યાદવ (ઉં.વ.૩૪, રહે., પાટી ચાલ મહોલ્લો, બોમ્બે માર્કેટ પાસે, વરાછા, મૂળ ઉત્તરપ્રદેશ) પણ રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

સરથાણા પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિકીંગ પ્રિવેંશન એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટનાસ્થળેથી ૨૫,૦૦૦ની કિંમતના ૨ મોબાઈલ ફોન, ૨,૬૦૦ રૂપિયા રોકડા, લાઈટબીલ તથા વાંધાજનક સામગ્રી કબજે કરી છે.

# 'ઓસીયન એમટેક' કંપની ૧.૯૩ કરોડ લઈ છૂમંતર થઈ ગઈ

**મોટા** વરાછાની કંપનીએ ૧૮થી ૩૩ મહિનામાં નાણાં ડબલ કરવાની લોભામણી સ્કીમ આપી ૮ રોકાણકારોને ચૂનો લગાવ્યો

### કોની પાસેથી કેટલી રકમ પડાવી?

કંપનીના સંચાલકોએ અલગ-અલગ રોકાણકારોને વિશ્વાસમાં લઈ રકમો પડાવી હતી જેમાં ફરિયાદી ઉમેશભાઈ જૈન રૂ. ૩૧,૫૦,૯૬૪ (રોકડા + USDT), નરેન્દ્ર વલ્લભભાઈ કોટડીયા રૂ.૪૯,૯૦,૦૦૦,કરશન માલદેવ વરુ રૂ.૪૫,૦૦,૦૦૦,દર્શનકુમાર ભીમજીભાઈ જીવાણી રૂ.૨૯,૦૦,૦૦૦,મંયતા લલીત ઘેલાણી રૂ.૨૫,૬૦,૦૦૫,કૌશિક માયાણી અને પ્રથમ ગાથાણી રૂ.૨૨,૫૦,૦૦૦,દિલીપ અમુભાઈ ગોહિલ રૂ.૨,૩૭,૭૦૦ તથા નોકરીના બહાને પંકજ મફતભાઈ પટેલ રૂ.૬,૦૦,૦૦૦ નો સમાવેશ થાય છે.

સુરતઃમોટા વરાછાની કંપની રોકાણકારો પાસેથી અંદાજે રૂ.૧.૯૩ કરોડથી વધુની રકમ પડાવી રફૂચક્કર થઈ ગઈ છે. હાલ કામરેજમાં નિલકંઠ રેસીડેન્સી ખાતે રહેતા અને મૂળ રાજસ્થાનના વેપારી ઉમેશભાઈ અનુપચંદ જૈન (ઉં.વ. ૩૯) માર્ચ ૨૦૨૫માં મોટા વરાછાના સિલ્વર ટ્રેડ સેન્ટરમાં ૧૦મા માળે આવેલી 'ઓસીયન એમટેક પ્રા.લી.'કંપનીના સંપર્કમાં આવ્યા હતા. જ્યાં કંપનીના સંચાલકો મનોજ ભુપતભાઈ હિરપરા, જયદીપ અશ્વિનભાઈ હિરપરા, વહીવટકર્તા રસ્મીતાબેન હિરપરા, સાવન સાવલીયા અને રૂત્વિક ઝવેરભાઈ રીબડીયાએ ભેગા મળીને રોકાણકારોને ૧૮થી ૩૩ મહિનાની સ્કીમ સમજાવી હતી. જેમાં રોકડા તેમજ ક્રિપ્ટોકરન્સી (USDT) સ્વીકારી સુરક્ષિત ડબલ વળતરની ખાતરી આપી વિશ્વાસ સંપાદન કર્યો હતો.

આરોપીઓએ રોકાણકારોમાં વિશ્વાસ ટકાવી રાખવા માટે શરૂઆતમાં ઉમેશભાઈને રૂ.૧૦ લાખ અને દર્શનકુમારને રૂ.૮ લાખ પરત આપ્યા હતા. પરંતુ બાકી નીકળતી કુલ રૂ.૧,૯૩,૮૮,૬૭૨ લઈ ફરાર થઈ જતા પોલીસ ફરિયાદ થઈ છે.

## કંપનીના નકલી ડાયરેક્ટર બની ઠગાઈ

સુરતઃ ભીમરાડ ચેક પોસ્ટ નજીક 'આકાશ એન્કલેવ'માં રહેતા ૪૨ વર્ષીય ડેવિન રમણલાલ પટેલ ગત મે ૨૦૨૫માં વી.આઈ.પી. રોડ પર આવેલા મારવેલા કોરીડોર કોમ્પ્લેક્સમાં સતીષ પ્રભાકર મહેન્કર (રહે., અંબિકા હાઈટ્સ, પ્રિયંકા મેટ્રો સિટી, ગોડાદરા તથા છત્રપતિ શીવાજીનગર, મદીના મસ્જીદ નજીક, લિંબાયત) નામના શખ્સે પોતાને 'ગ્રોવિયા એગ્રો ટ્રેડ' કંપનીનો ડાયરેક્ટર ગણાવી ઊંચા વળતરની આકર્ષક સ્કીમો સમજાવતા તેને રૂ.૧ લાખનું રોકાણ કરાવ્યું હતું. જે બાદ વારંવારની ઉઘરાણી પછી આરોપી સતીષે રૂ.૭૦ હજાર પરત આપ્યા હતા,પરંતુ બાકીના રૂ.૩૦,૦૦૦ આપ્યા ન હતા. જ્યારે તપાસ કરી તો કંપનીના સત્તાવાર રેકોર્ડ પર સતીષ મહેન્કર નામનો કોઈ ડાયરેક્ટર જ ન હોવાનું જણાયું હતું. ડેવિનભાઈ પટેલે અલથાણ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


### વેચાણ અંગેની જાહેર નોટીસ

જી.નવસારી, તા.ચીખલી, **મોજેગામ.જોગવાડ**, માં આવેલ રે.સ નંબર ૩૭૭ (જુનો), ૩૦૪ (નવો), ખાતા નં.૪૭૩, જેનું સુમારે ક્ષેત્રફળ ૧-૦૪-૦૯ (હે.આરે.ચો.મી.) આકાર-રૂા.૧૨.૬૫પૈસા, સત્તાપ્રકાર - જુની શરતની ખેતીલાયક જમીન તથા તેને લાગતા વળગતા અંદર તથા બહારના રાસુકા વપરાશી હકકો સહિતની જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર તરીકે **(૧) આયશા તે મુસ્તાકઅહમદ હશનની વિધવા (૨) મહમદ અસમાલ મુસ્તાક અહમદ (૩) ઐયુબ મુસ્તાકઅહમદ (૪) ફારૂક મુસ્તાક અહમદ (૫) આરીફ મુસ્તાકઅહમદ તથા (૬) ફાતેમા મુસ્તાક અહમદ વિગેરેના કુ.મું ઈસ્માઈલ મોહમદ સીદાત રહે.જુના પટેલ ફળિયા, ચાંપલધારા, તા.વાસદા, જી.નવસારી** ના નામે તમામ સરકારી રેવન્યુ રેકર્ડ દફતરે માલિક-કબજેદાર તરીકે નોંધાયેલ તથા ચાલી આવેલ છે. જે ખેતીલાયક જમીન હમારા અસીલ **સાદીક સુલેમાન ઘોડાવાળા** વિગેરે ખરીદ કરવા માંગે છે અને સદર મિલકત માર્કેટેબલ કલીયર હોવાનું હાલના માલીકો એ જણાવેલ છે. જેથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે સદર મિલકત પર જો કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા કે પેઢી વિગેરેનો કોઈપણ પ્રકારનો કહેવાતો માલિકી, કબજો, લાગભાગ, હકક-હિસ્સો, બોજો લોન, લીયન કે અલાખો વિગેરે ધરાવતા હોય તો તેમણે **આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં તે અંગેના તમામ લેખિત આધારભુત અસલ દસ્તાવેજી પુરાવાઓ સહિત નીચેના સરનામે રૂબરૂ રજુ કરવા.** જો તેમ કરવામાં નહિ આવે તો મુદત વીત્યેથી સદરહુ મિલકતનું ટાઈટલ કલીયર અને વેચવાપાત્ર હોય તેમ માનવામાં આવશે અને તેઓ સદર મિલકતના કાયદેસરનાં માલિક-કબજેદાર-ભોગવટેદારની રૂએ/હેસીયતે સદરહુ મિલકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરશે. જેથી મુદત વીત્યે કોઈનો કોઈપણ પ્રકારનો કેસ, અરજી, ફરિયાદ, દાવા-દુવી, તર-તકરાર કે વાંધા-વિરોધ ચાલશે નહી તે સ્પષ્ટ જાણવું જેની તમામ લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ:

તારીખ: ૨૨-૦૬-૨૦૨૬

જમીન માલિક ક્રમ નં. ૧ થી ૬ વતી તેમના કુલમુખત્યારની સહી - ઈસ્માઈલ મોહમદજી સીદાત

મજકુર અસીલની સુચના અને ફરમાઈશથી મારી મારફત,
**સલમાન એન. શેખ** (એડવોકેટ)

રહે. મુ.પો. ઈટાળવા, વરાછા ફળિયુ, તા. પલસાણા, જી. સુરત. મો.: ૮૭૫૮૨ ૬૮૧૮૨



### વેચાણ અંગેની જાહેર નોટીસ

જત અમારા અસીલ તરફે મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

| ગામ/તાલુકો/જિલ્લો | બ્લોક નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| મહુવા/મહુવા/સુરત | ૧૫૩ | ૪-૭૩-૨૮ |
| મહુવા/મહુવા/સુરત | ૧૬૪ | ૧-૨૪-૮૬ |

ઉપરોકત બ્લોક નંબર : ૧૫૩ વાળી જમીન **અલ્લામોદીન કાલુભાઈ લાકડાવાલા, મોહમદ આદિલ અલ્લામોદીન, આબિદ અલ્લામોદીન, સલીમભાઈ કાલુભાઈ લાકડાવાલા, અનિશાબીબી સલીમભાઈ લાકડાવાલા, ઓમાન સલીમભાઈ લાકડાવાલા ના નામે ચાલે છે. તથા બ્લોક નંબર : ૧૬૪ વાળી જમીન સલીમભાઈ કાલુભાઈ લાકડાવાલા, અનિશાબીબી સલીમભાઈ લાકડાવાલા, ઓમાન સલીમભાઈ લાકડાવાલા** ના નામે ચાલે છે. તેમણે સદરહુ મિલકત પોતાની કુલ માલીકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી મજકુર મિલકત અમોના અસીલને કિંમતી અવેજના બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતના કાયદેસરના પાકા લખાણો તથા પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહુ મિલકતના કોઈપણ હકક-હિત-હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાના કોઈપણ પ્રકારનાં લાગ-ભાગ, હકક-હિત-હિસ્સા, વંશ, વાલી, વારસોના સંબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેના લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ મિલકત ઉપરા કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લિયન યા કોઈ પણ દર-દાવો નથી કે સંબંધ નથી તેમ ગણી, અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે તેમ ગણી કાયદેસરનો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે અને ત્યારબાદ તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ. અને કરવા કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

**ઓફીસ : યુ-જી-૨૪, ફર્સ્ટ ફલોર, શ્યામ આર્કેડ, મણીનગર, કડોદરા, તા.પલસાણા, જિ.સુરત મો. ૯૭૨૭૩૩૪૦૬૭**

**આર બી. સોડલા**
એડવોકેટ



### અસલ કબજા રસીદ/વેચાણ કરાર ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ તાલુકો ચોર્યાસી હાલ સુરત સીટી શહેરનાં મહાનગરપાલીકાની હદમાં સમાવેશ મોજે ગામ **કતારગામના રે.સ.નં. ૧૧૨/૧-૨** પૈકી થી નોંધાયેલ જમીન ઉપર આયોજીત **"નંદનવન સોસાયટી"** માં આવેલ કુલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૧૫૧** જેનું ક્ષેત્રફળ સુમારે **૪૦.૬૮ ચો.મી. (જેનો મ્યુ. ટેના. નં. ૧૯એફ-૨૯-૨૮૫૧-૦-૦૦૧ તથા ૦૦૨)** જમીન તથા તેના પર ચાલી આવેલ **સંપુર્ણ બાંધકામ** વાળી મિલકત. તે મિલકત **(૧) ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ દેવગાણીયા તથા (૨) કેવલ ગોરધનભાઈ દેવગાણીયા** ની માલીકીની ચાલી આવેલ છે, ઉપરોકત મિલકતની ઉત્તરોતર ફાઈલો પૈકી રમેશભાઈ લવજીભાઈ પટેલ નાઓએ ખરીદ કરેલ ત્યારથી તથા મુળ ફાઈલ જમીન માલીક (૧) નાથુભાઈ વલ્લભભાઈ દેસાઈ વિગેરે પાસેથી ખરીદ કરેલ હોય તે ઉત્તરોતર વચ્ચેની ફાઈલો અસલ કબજા રસીદ વેચાણ કરારો તથા તેને લગતા અન્ય પેપર્સ તેમના કબજામાંથી ગેરવલ્લે યાને ગુમ થયાનું તેઓ જણાવે છે. આથી સદરહું મિલકત બાબતે કોઈને કોઈપણ જાતનો વાંધો-વિરોધ, લાગ-ભાગ, માલિકી હકક, હિત, હિસ્સો, ચાર્જ, બોજો, લોન કે લીયન હોય તો તેમણે, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૮ ની મુદતમાં પુરાવા સહિત હમારો સંપર્ક કરવો. નહી તો હરકોઈના કોઈપણ હકક, હિત ન હતા અને નથી અને હોય તો છોડી દીધેલ યાને જતા કરેલા છે. તેમ માનીને હમારા અસીલ ઉપરોકત સદરહું મિલકતને લગતા લેખીત કરારો કરાવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દર-દાવો કે વાંધો -વિરોધ ચાલશે નહી. જેની જાહેર જનતાએ તેની ગંભીર નોંધ લેવી.

સ્થળ : સુરત. તારીખ: ૧૩-૦૬-૨૦૨૬

**ઓફીસ: ૧૬૧, ૧૬૨, કેદાર બિઝનેશ સેન્ટર, બાપા-સીતારામ ચોક, ડભોલીરોડ, કતારગામ, સુરત મો.નં. ૯૦૯૯૧૦૧૬૩૨**

**નિતેશ યુ.વ્યાસ**
તે ખરીદનાર એડવોકેટ



### ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીશ

નીચે જણાવેલી જમીન **શ્રીમતી મીનાક્ષી તે કિશોરકુમાર મગનલાલની ધણીયાણી, શ્રી કીરીટભાઈ મગનભાઈ, શ્રીમતી મેઘનાબેન કીરીટભાઈ, શ્રીમતી સોનલબેન કીરીટભાઈ, શ્રીમતી ડીમ્પલબેન કીરીટભાઈ, શ્રી સંદીપકુમાર કિશોરભાઈ પટેલ, શ્રીમતી કવીનાબેન તે કિશોરભાઈ મગનભાઈ પટેલની પુત્રી તથા મનિષકુમાર પટેલની પત્ની,** રહે.: સોંસક, ઓલપાડ, સુરતના પોતાની સહિયારી અને સંપુર્ણ માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ કરવા માંગે છે. આ વેચાણ વ્યવહાર અંગે મુળ જમીન માલીકોના વારસો સહીત જો કોઈને વાંધો યા તર-તકરાર હોય યા સદર જમીનમાં કોઈપણ શખ્શ કે નાણાંકીય સંસ્થા વિગેરેનાં સીધા કે આડકતરા કોઈપણ પ્રકારના હકક-હીત-હીસ્સા-અધિકારો હોય તો તેવા વાંધા યા તર-તકરાર અને હકક-હીત-હીસ્સા-અધિકારો બાબતનાં કાયદેસરનાં પુરાવાઓ લઈને નીચેનાં સરનામે **દિન ૧૦ (દશ)** માં રૂબરૂ મળી જવું. મુદતમાં એવો સંપર્ક કરવામાં નહિં આવશે તો તેવા હકક-હીત-હીસ્સા-અધિકારો મજકુર જમીનમાં ન હતા અને નથી, અને જો હોય તો તે જતા કરેલા છે, તેમજ આ વેચાણ વ્યવહાર બાબતે કોઈને પણ વાંધો યા તર-તકરાર નથી એવુ શુધ્ધબુધ્ધિપુર્વક માનીને હમારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. અને ત્યારબાદનાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક-હીત-હીસ્સા-અધિકારો, વાંધા કે તકરાર ચાલશે નહિં. જેની નોંધ લેશો.

જમીન: સુરત જીલ્લો, ઓલપાડ તાલુકો, મોજે ગામ સોંસક ના **રે.સર્વે નં.: ૫૧/૧/૨/૩, ૫૦/૧, બ્લોક નં.:** ૯૩ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૮,૩૯૭ **સમ ચો.મીટર** તથા જેનો આકાર રૂ. ૧૧.૪૪ પૈસા થાય છે, તે વિગતની ખેતીની જમીન પૈકી વગર-વહેંચાયેલા અડધા હિસ્સાની સુમારે **૪૧૯૮.૫ સમ ચો.મીટરના ક્ષેત્રફળ** વાળી જમીન.

**૦૭, ત્રીજો માળ, જે/૯ સેન્ટર, સ્ટાર બજાર પાસે, અડાજણ ચાર રસ્તા, સુરત સમય સવારે ૧૦ થી સાંજે ૦૭**

અસીલની સુચનાથી
**જીજ્ઞેશ પી. પીસાદીયા** (એડવોકેટ એન્ડ નોટરી)
**રોમા દિલીપભાઈ પટેલ,** (એડવોકેટ)